# કમિશનર, શાળાઓની કચેરી
## બ્લોક નં.૯/૧, ડૉ. જિવરાજ મહેતા ભવન, ગાંધીનગર
ફોન નં. ૦૭૯ ૨૩૨ ૫૮૫૯૨

જા.નં.: મકમ/મ.૧૧/હિન્દી મુક્તિ/સત્તાસોંપણી/૨૦૧૮/ ૫૯૨૬ - ૫૯૭૬ | તા.૨૬/૦૭/૨૦૧૮

**પરિપત્ર :**

**વિષય : સરકારી કર્મચારીઓને હિન્દી પરીક્ષામાંથી મુક્તિ આપવા અંગે**
**સંદર્ભ : સા.વ.વિ.ના ઠરાવ ક્રમાંક : હનપ/૧૧૭૯/૩૦૨૫/ક (તા.૦૩/૦૩/૧૯૮૧)**

સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના સંદર્ભદર્શિત ઠરાવ ક્રમાંક : હનપ/૧૧૭૯/૩૦૨૫/ક (તા.૦૩/૦૩/૧૯૮૧) ના ફકરા નં.૧ની શરત મુજબ જે સરકારી કર્મચારી/અધિકારીએ એસ.એસ.સી. પરીક્ષામાં અથવા અન્ય વૈધાનિક સંસ્થાની તેવી જ સમકક્ષ પરીક્ષામાં અથવા તેથી કોઈ ઉચ્ચ પરીક્ષામાં હિન્દી વિષયની પરીક્ષા પાસ કરી હશે તો તેવા સરકારી કર્મચારી/અધિકારીને યથાપ્રસંગે હિન્દીની બોલચાલ શ્રેણી, નિમ્ન શ્રેણી અથવા ઉચ્ચ શ્રેણી પરીક્ષામાંથી મુક્તિ આપવા દર્શાવેલ છે. તેમજ સદર ઠરાવના ફકરા નં.૪ની શરત મુજબ હિન્દી પરીક્ષાની મુક્તિ આપવાની સત્તા કચેરીના વડાને પણ આપેલ હોઈ સરકારી સંસ્થા/કચેરીના કર્મચારીઓને સરકારશ્રીના હિન્દી પરીક્ષા મુક્તિ વિષયકના તમામ તથા વખતોવખતના સુધારેલ ઠરાવો ધ્યાને લઈ યથાપ્રસંગે હિન્દીની બોલચાલ શ્રેણી, નિમ્ન શ્રેણી અથવા ઉચ્ચ શ્રેણી પરીક્ષામાંથી મુક્તિ આપવાના વિધિસર હુકમો કરવાની સત્તા જિલ્લા કક્ષાએ સંબંધિત કચેરીના વડાને સોંપવામાં આવેલ છે.

હિન્દી પરીક્ષામાંથી મુક્તિ આપવાના વિધિસર હુકમો કરી તે અંગેની નોંધ સંબંધિત કર્મચારીની સર્વિસબુકમા સંબંધિત કચેરીએ હિન્દી પરીક્ષામાંથી મુક્તિ અંગેના હુકમનો ઉલ્લેખ કરીને કરવાની રહેશે.

નોંધ ઉપર માનનીય નિયામકશ્રીની મંજૂરી અનુસાર.

સંયુક્ત શિક્ષણ નિયામક(મહેકમ),
કમિશનર, શાળાઓની કચેરી,
ગુ.રા., ગાંધીનગર

બિડાણ : ઉપર મુજબ

પ્રતિ,

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, જિલ્લા તમામ (અમદાવાદ (શહેર), અમદાવાદ (ગ્રામ્ય), અમરેલી, અરવલ્લી, આણંદ, બનાસકાંઠા, ભાવનગર, ભરૂચ, દાહોદ, ડાંગ, ગાંધીનગર, જામનગર, જૂનાગઢ, ખેડા, કચ્છ, મહેસાણા, મહીસાગર, નર્મદા, નવસારી, પંચમહાલ, પાટણ, પોરબંદર, રાજકોટ, સુરેન્દ્રનગર, સાબરકાંઠા, સુરત, વડોદરા, વલસાડ, તાપી, દેવભૂમિ દ્વારકા, બોટાદ, મોરબી, ગીરસોમનાથ, છોટા ઉદેપુર)
- નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી, બ્લોક નં.૧૨/૨, ડૉ. જિવરાજ મહેતા ભવન, સે.-૧૦, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, બ્લોક નં.૧૨, ડૉ. જિવરાજ મહેતા ભવન, સે.-૧૦, ગાંધીનગર
- નિયામકશ્રી, સાક્ષરતા અને નિરંતર શિક્ષણ નિયામકની કચેરી, બ્લોક નં.૧૨, ડૉ. જિવરાજ મહેતા ભવન, સે.-૧૦, ગાંધીનગર
- મદદનિશ નિયામકશ્રી, મ.ભો.યો.ની કચેરી, બ્લોક નં.૧૪/૧, ડૉ. જિવરાજ મહેતા ભવન, સે.-૧૦, ગાંધીનગર
- નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી., 'વિદ્યાભવન', સે.-૧૨, ગાંધીનગર
- નિયામકશ્રી, આર.એમ.એસ.એ. કચેરી, સે.-૧૨, ગાંધીનગર
- નિયામકશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સે.-૨૧, ગાંધીનગર
- નિયામકશ્રી, ગ્રંથાલય નિયામકની કચેરી, સે.-૧૭, ગાંધીનગર
- નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક પ્રોદ્યોગિકી સંસ્થા, નવરંગપુરા, અમદાવાદ
- કોઓર્ડીનેટરશ્રી, વ્યવસાય માર્ગદર્શન કેન્દ્ર, રાયખડ, અમદાવાદ
- રજિસ્ટ્રારશ્રી, ગુજરાત શૈક્ષણિક સેવા ટ્રિબ્યુનલ, રાયખડ, અમદાવાદ
- આ કચેરીની તમામ શાખાઓ (મહેકમ, માધ્યમિક, ૧૦+૨ ખાસ ઘટક, વિશિષ્ટ, જમીન અને બાંધકામ, કાયદા, આઈ.ટી.સેલ, ઓડિટ, અંદાજપત્ર અને આયોજન, હિસાબ, સંકલન)

Scanned with CamScanner